# રાજકોટ મહાનગરપાલિકા

## જાહેરાત અંગેની સૂચનાઓ: એનેક્ષર-એ

રાજકોટ મહાનગરપાલિકાની જુદા-જુદા સંવર્ગની જગ્યા ભરવા માટે નીચે મુજબની વિગતે કેટેગરી વાઈઝ ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે www.rmc.gov.in પર તા.૨૧/૧૨/૨૦૨૩ થી તા.૧૦/૦૧/૨૦૨૪(૨૩.૫૯ કલાક) સુધીમાં લોગીન કરી અરજી કરવાની રહેશે. તેમજ ઓનલાઈન ફી ભરવાની છેલ્લી તા.૧૦/૦૧/૨૦૨૪(૨૩.૫૯ કલાક) સુધીની રહેશે.

## શૈક્ષણિક લાયકાત અને પગારધોરણ :

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ* | | | | | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિનઅનામત | આ.ન.વ. | સા.શૈ.પ. | અનુ. જાતી | અનુ. જન જાતી | બિનઅનામત | આ.ન.વ. | સા.શૈ.પ. | અનુ. જાતી | અનુ. જન જાતી | | |
| ૧ | સીસ્ટમ એનાલીસ્ટ | ૦૨ | ૦૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | ગાર્ડન સુપરવાઈઝર | ૦૨ | ૦૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | વેટરનરી ઓફિસર | ૦૧ | ૦૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | ગાર્ડન આસીસ્ટન્ટ | ૧૨ | ૦૬ | ૦૧ | ૦૩ | ૦ | ૦૨ | ૦૨ | ૦ | ૦૧ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| ૫ | ટેકનીકલ આસીસ્ટન્ટ (લાઈબ્રેરી) | ૦૨ | ૦૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | આસીસ્ટન્ટ લાઈબ્રેરીયન | ૦૪ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦ | ૦૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | જુનિયર સ્વીમીંગ ઈન્સ્ટ્રક્ટર (ફીમેલ) | ૦૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦ | ૦ | ૦ | ૦૧ (મહિલા) |
| ૮ | ફાયર ઓપરેટર (પુરૂષ) | ૬૪ | ૨૪ | ૧૦ | ૧૮ | ૦૭ | ૦૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૭ |
| ૯ | જુનિયર ક્લાર્ક | ૧૨૮ | ૫૭ | ૦૮ | ૩૪ | ૦૮ | ૨૧ | ૧૯ | ૦૨ | ૧૧ | ૦૨ | ૦૭ | ૦૭ | ૨૦ |
| | એકંદરે કુલ | ૨૧૯ | ૯૪ | ૨૦ | ૫૭ | ૧૫ | ૨૯ | ૨૨ | ૦૩ | ૧૪ | ૦૨ | ૦૭ | ૦૭ | ૩૯ |

| | |
|---|---|
| ૧-સીસ્ટમ એનાલીસ્ટની લાયકાત : | માન્ય યુનિવર્સિટીના બી.ઈ.(કોમ્પ્યુટર/આઈ.ટી.) અથવા બી.ટેક.(કોમ્પ્યુટર/આઈ.ટી.) અથવા એમ.સી.એ.<br>અનુભવ:-પ્રોસેસ એનાલીસ્ટ અને ડોક્યુમેન્ટેશનનો ૦૫(પાંચ) વર્ષનો અનુભવ જે પૈકી ઓછામાં ઓછો ૦૩(ત્રણ) વર્ષનો SLDC અનુભવ અને ઓછામાં ઓછો ૦૨(બે) વર્ષનો સીસ્ટમ એનાલીસીસનો અનુભવ |
| સીસ્ટમ એનાલીસ્ટનું પગારધોરણ અને વયમર્યાદા : | પાંચ વર્ષ માટે ફિક્સ પગાર રૂ.૫૩,૭૦૦/- અને પાંચ વર્ષની સંતોષકારક સેવા બાદ જગ્યાની જરૂરિયાતને ધ્યાને લઈને સાતમાં પગારપંચ મુજબ રૂ.૪૪૯૦૦-૧૪૨૪૦૦ (પે-મેટ્રિક્સ લેવલ-૦૮),(છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૯૩૦૦-૩૪૮૦૦,ગ્રેડ પે-૪૬૦૦)આપવા અંગે વિચારણા કરવામાં આવશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૫ વર્ષ |
| ૨-ગાર્ડન સુપરવાઈઝરની લાયકાત : | UGC/AICTE માન્ય યુનિ. એગ્રીકલ્ચર અથવા બોટની અથવા ઝુઓલોજી અથવા હોર્ટીકલ્ચરમાં સ્નાતક |
| ગાર્ડન સુપરવાઈઝરનું પગારધોરણ અને વયમર્યાદા : | પાંચ વર્ષ માટે ફિક્સ પગાર રૂ.૫૧,૦૦૦/- અને પાંચ વર્ષની સંતોષકારક સેવા બાદ જગ્યાની જરૂરિયાતને ધ્યાને લઈને સાતમાં પગારપંચ મુજબ રૂ. રૂ.૩૯૯૦૦-૧૨૬૬૦૦ (પે-મેટ્રિક્સ લેવલ-૦૭),(છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૯૩૦૦-૩૪૮૦૦,ગ્રેડ પે-૪૪૦૦) આપવા અંગે વિચારણા કરવામાં આવશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૫ વર્ષ |
| ૩-વેટરનરી ઓફિસરની લાયકાત : | ૧.UGC/AICTE માન્ય યુનિવર્સિટીની બી.વી.એસ.સી.એન્ડ એ.એચ (બેચરલ ઓફ વેટરનરી સાયન્સ અને એનિમલ હસબન્ડરી)ની ડીગ્રી<br>૨. રાજ્ય પશુ ચિકિત્સા પરીષદ (ગુજરાત વેટરનરી કાઉન્સીલ) અથવા ભારતીય પશુ ચિકિત્સા પરીષદ (ઈન્ડીયન વેટરનરી કાઉન્સિલ) સાથે નોંધાયેલા હોવા જોઈએ.<br>અનુભવ:-સેન્ટ્રલ ઝુ ઓથોરિટી, ન્યુ દિલ્હી માન્ય ઝુ/વન વિભાગ હસ્તકના રેસ્ક્યુ સેન્ટર/બ્રીડીંગ સેન્ટરમાં વેટરનરી ઓફિસરનો બે વર્ષનો અનુભવ |
| વેટરનરી ઓફિસરનું પગારધોરણ અને વયમર્યાદા: | પાંચ વર્ષ માટે ફિક્સ પગાર રૂ.૫૩,૭૦૦/- અને પાંચ વર્ષની સંતોષકારક સેવા બાદ જગ્યાની જરૂરિયાતને ધ્યાને લઈને સાતમાં પગારપંચ મુજબ રૂ.૪૪૯૦૦-૧૪૨૪૦૦ (પે-મેટ્રિક્સ લેવલ-૦૮), (છઠ્ઠા પગારપંચ મુજબ રૂ. ૯૩૦૦-૩૪૮૦૦,ગ્રેડ પે-૪૬૦૦) આપવા અંગે વિચારણા કરવામાં આવશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૫ વર્ષ |

| | |
|---|---|
| ૪-ગાર્ડન આસીસ્ટન્ટની લાયકાત : | UGC/AICTE માન્ય યુનિ. ની ડિપ્લોમાં/ડીગ્રી ઈન એગ્રીકલ્ચર અથવા ડીપ્લોમાં/ડીગ્રી ઈન હોર્ટીકલ્ચર અથવા ડીપ્લોમાં/ડીગ્રી ઈન બોટની અથવા ડીપ્લોમાં/ડીગ્રી ઈન ઝુઓલોજી |
| ગાર્ડન આસીસ્ટન્ટનું પગારધોરણ અને વયમર્યાદા: | પાંચ વર્ષ માટે ફિક્સ પગાર રૂ.૨૬,૦૦૦/- અને પાંચ વર્ષની સંતોષકારક સેવા બાદ જગ્યાની જરૂરિયાતને ધ્યાને લઈને સાતમાં પગારપંચ મુજબ રૂ.૨૫૫૦૦-૮૧૧૦૦/-(પે મેટ્રિક્સ લેવલ-૪)(છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે-૨૪૦૦) આપવા અંગે વિચારણા કરવામાં આવશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૫ વર્ષ |
| ૫-ટેકનીકલ આસીસ્ટન્ટ (લાઈબ્રેરી)ની લાયકાત : | UGC/AICTE માન્ય યુનિવર્સિટીમાંથી કોઈપણ વિદ્યાશાખામાંથી સ્નાતકની પદવી મેળવેલ અને બેચરલ ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ (B.L.I.sc.) પદવી મેળવેલ હોવા જોઈએ.<br>અનુભવ:-ગ્રંથાલયની કામગીરી અને ટેકનીકલ કામગીરીનો ઓછામાં ઓછો ૦૩(ત્રણ) વર્ષનો અનુભવ |
| ટેકનીકલ આસીસ્ટન્ટ (લાઈબ્રેરી)નું પગારધોરણ અને વયમર્યાદા: | પાંચ વર્ષ માટે ફિક્સ પગાર રૂ.૪૯,૬૦૦/- અને પાંચ વર્ષની સંતોષકારક સેવા બાદ જગ્યાની જરૂરિયાતને ધ્યાને લઈને સાતમાં પગારપંચ મુજબ રૂ.૩૫૪૦૦-૧૧૨૪૦૦/-(પે મેટ્રિક્સ લેવલ-૬)(છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૪૨૦૦) આપવા અંગે વિચારણા કરવામાં આવશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૫ વર્ષ |
| ૬-આસીસ્ટન્ટ લાઈબ્રેરીયનની લાયકાત : | UGC/AICTE માન્ય યુનિવર્સિટીમાંથી કોઈપણ વિદ્યાશાખામાંથી સ્નાતકની પદવી મેળવેલ અને બેચરલ ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ (B.L.I.sc.) પદવી મેળવેલ હોવા જોઈએ. |
| આસીસ્ટન્ટ લાઈબ્રેરીયનનું પગારધોરણ અને વયમર્યાદા: | પાંચ વર્ષ માટે ફિક્સ પગાર રૂ.૨૬,૦૦૦/- અને પાંચ વર્ષની સંતોષકારક સેવા બાદ જગ્યાની જરૂરિયાતને ધ્યાને લઈને સાતમાં પગારપંચ મુજબ રૂ.૨૫૫૦૦-૮૧૧૦૦/-(પે મેટ્રિક્સ લેવલ-૪)(છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે-૨૪૦૦) આપવા અંગે વિચારણા કરવામાં આવશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૫ વર્ષ |
| ૭-જુનિયર સ્વીમીંગ ઈન્સ્ટ્રક્ટર (ફીમેલ)ની લાયકાત : | એસ.એસ.સી. પાસ અને કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર દ્વારા આયોજીત જીલ્લા, રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાએ સ્વિમીંગ સ્પર્ધામાં ભાગ લીધેલ હોવો જોઈએ.<br>***પ્રથમ અગ્રતા***<br>૧) એન.એસ.આઈ.એસ. (N.S.I.S.) (પટીયાલા) ડીપ્લોમાં એક વર્ષનો કોર્ષ<br>૨) સ્વર્ણીમ ગુજરાત સ્પોટ્ર્સ યુનિવર્સિટીમાં કોર્સ કરેલ હોઈ<br>૩) સિક્સ વિક સર્ટીફિકેટ કોર્સ (સ્પોર્ટ્સ યુનિવર્સિટી ઓફ ઈન્ડીયા પટીયાલા દ્વારા)<br>***દ્વિતીય અગ્રતા***<br>૧) ઓપન નેશનલમાં જે લોકોએ મેડલ મેળવેલ હોઈ તેમને લઈ શકાય<br>***તૃતીય અગ્રતા***<br>૧) ઉપર લેવલના ન હોઈ તો નેશનલ પાર્ટીસિપેટ (ઓપન નેશનલ લેવલ ઈન્ડીયા)<br>૨) ત્યારબાદ યુનિવર્સિટી કે સ્કુલ લેવલે નેશનલ રમેલ હોઈ તેવા ખેલાડી |
| જુનિયર સ્વીમીંગ ઈન્સ્ટ્રક્ટર (ફીમેલ)નું પગારધોરણ અને વયમર્યાદા: | પાંચ વર્ષ માટે ફિક્સ પગાર રૂ.૨૬,૦૦૦/- અને પાંચ વર્ષની સંતોષકારક સેવા બાદ જગ્યાની જરૂરિયાતને ધ્યાને લઈને સાતમાં પગારપંચ મુજબ રૂ.૧૯૯૦૦-૬૩૨૦૦/-(પે મેટ્રિક્સ લેવલ-૨)(છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે-૧૯૦૦) આપવા અંગે વિચારણા કરવામાં આવશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૩ વર્ષ |
| ૮-ફાયર ઓપરેટર (પુરૂષ)ની લાયકાત : | સીધી ભરતીની લાયકાત<br>ધોરણ-૧૦ પાસ અને સરકાર માન્ય સંસ્થામાંથી ફાયરમેનનો કોર્ષ પાસ અને હેવી મોટર વ્હિકલ લાયસન્સ ધરાવતા હોવા જોઇએ.<br>અને<br>શારીરિક લાયકાત: શારીરિક કસોટીમાં ઊતર્ણી થવું જરૂરી |
| ફાયર ઓપરેટર (પુરૂષ)નું પગારધોરણ અને વયમર્યાદા: | પાંચ વર્ષ માટે ફિક્સ પગાર રૂ.૨૬,૦૦૦/- અને પાંચ વર્ષની સંતોષકારક સેવા બાદ જગ્યાની જરૂરિયાતને ધ્યાને લઈને સાતમાં પગારપંચ મુજબ રૂ.૧૯૯૦૦-૬૩૨૦૦/-(પે મેટ્રિક્સ લેવલ-૨)(છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે-૧૯૦૦) આપવા અંગે વિચારણા કરવામાં આવશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૩ વર્ષ |
| ૯-જુનિયર ક્લાર્કની લાયકાત : | ૧. માન્ય યુનિવર્સિટીના કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક.<br>૨. લેખિત પરિક્ષાના મેરિટમાં અગ્રતાક્રમ ધરાવતા ઉમેદવારે, નિમણુંક પામ્યા બાદ સરકારશ્રી દ્વારા નિયત થયેલ નીતિ અનુસાર સરકાર માન્ય સંસ્થામાંથી સી.સી.સી. પરીક્ષા(કોમ્પ્યુટર વિષયક લાયકાત) ઉત્તીર્ણ કરવાની રહેશે. |
| જુનિયર ક્લાર્કનું પગારધોરણ અને વયમર્યાદા: | પાંચ વર્ષ માટે ફિક્સ પગાર રૂ.૨૬,૦૦૦/- અને પાંચ વર્ષની સંતોષકારક સેવા બાદ જગ્યાની જરૂરિયાતને ધ્યાને લઈને સાતમાં પગારપંચ મુજબ રૂ.૧૯૯૦૦-૬૩૨૦૦/-(પે મેટ્રિક્સ લેવલ-૨)(છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે-૧૯૦૦) આપવા અંગે વિચારણા કરવામાં આવશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૫ વર્ષ |

સુચના :

- આરક્ષિત વર્ગના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૫(પાંચ) વર્ષની છૂટછાટ આપવામાં આવશે તેમજ આરક્ષિત વર્ગનાં મહિલા ઉમેદવાર આરક્ષિત વર્ગની જગ્યા પર અરજી કરશે તો તેમને ૫(પાંચ) વર્ષની છુટછાટ તથા ૫(પાંચ) વર્ષ મહિલા અનામતના એમ કુલ ૧૦(દસ) વર્ષની છુટછાટ આપવામાં આવશે. સરકારશ્રીના ધારાધોરણ મુજબ વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદા રહેશે. રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારીઓને ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ.

